# શ્રી સોમનાથ ટ્રસ્ટ - પ્રભાસ પાટણ

## પ્રેસનોટ ક્રમાંક-૫૫ 

તા.૦૧-૦૮-૨૦૧૬

**અરબી સમુદ્રતટે પ્રભાસક્ષેત્રમા બિરાજમાન પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ તીર્થધામમાં શ્રાવણ મહોત્સવની ભવ્ય ઉજવણી.. વિવિધ ધાર્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા શિવઆરાધના માટે લાખો શ્રદ્ધાળુઓ સોમનાથ તીર્થધામમાં ઉમટશે.**

દૈનિક કાર્યક્રમ

| સમય | કાર્યક્રમ | સમય | કાર્યક્રમ |
|---|---|---|---|
| ૦૬-૦૦ પ્રાતઃ | મહાપુજન પ્રારંભ | ૧૧:૦૦ મધ્યાન્હ | મહાપૂજા -મહાપૂજન-મહારુદ્ર અભિષેક |
| ૦૭-૦૦ પ્રાતઃ | આરતી(૦૭:૦૦ થી ૦૭:૧૫) | ૧૨:૦૦ મધ્યાન્હ | મધ્યાન્હઆરતિ (૧૨:૦૦ થી ૧૨:૧૫) |
| ૮:૦૦ થી ૧૫:૦૦ | સવાલક્ષ બિલ્વાર્ચન | ૦૫:૦૦ શાયં | શ્રૃંગાર દર્શન - દિપમાળા |
| ૦૯-૦૦ સવારે | યાત્રીકો દ્વારા નોંધાયેલ રુદ્રપાઠ ઇત્યાદિ વિધિ પ્રારંભ | | શાયંઆરતી (૦૭:૦૦ થી ૦૭:૨૦) |
| | | શાયં ૫:૦૦ થી શાયં ૯:૦૦ સુધી | શ્રૃંગાર દર્શન સમય |
| | | ૧૦:૦૦ રાત્રે | મંદિર બંધ થવાનો સમય |

શ્રાવણના રવિવાર-સોમવાર તથા તહેવાર ના દિવસોમાં મંદિર સવારે ૪:૦૦ વાગ્યે ખુલશે..
શ્રાવણના આ સિવાયના દિવસોમાં મંદિર સવારે ૦૫:૩૦ વાગ્યે ખુલશે.

પ્રથમ આદિ જ્યોતિર્લિંગ ભગવાન શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં પાવન શ્રાવણ માસની ઉજવણી શરૂ થનાર છે. શ્રાવણ મહોત્સવનો પ્રારંભ તા.૦૩-૦૮-૨૦૧૬ શ્રાવણ સુદ એકમ ને બુધવાર ના રોજ થશે અને પુર્ણાહુતી તા.૦૧-૦૯-૨૦૧૬ શ્રાવણ વદ અમાસને ગુરૂવારે થશે. મહામૃત્યુંજય મંત્ર જાપયજ્ઞ, ધ્વજારોહણ, શૃંગાર દર્શન પુજા, સવાલક્ષ બિલ્વપુજા, પાર્થેશ્વર શિવપુજા તેમજ વિશેષ પુજાવિધિમાં હજારો દેશ-વિદેશના ભાવિકો અને ભક્તજનોએ ઉમળકાભેર જોડાશે.**શ્રાવણમાં પ્રથમ વખત જ પ્રત્યેક શ્રાવણી સોમવારે સવારે ૯-૦૦ કલાકે મંદિર પરિસરમાં શ્રી સોમનાથ દાદાની પાલખી યાત્રાનું વિશેષ આયોજન કરવામાં આવેલ છે.** ભાવિકોની ભીડને ધ્યાનમાં રાખી મંદિર-દર્શન, આરતિ માટે વિશેષ વ્યવસ્થા ગોઠવાશે. શ્રાવણમાસના **પ્રથમ દિને** ભગવાન સોમનાથજીની **પ્રાતઃપુજા આરતી બાદ નુતન ધ્વજારોહણ, બિલ્વપુજાના યજમાનોને સવાલક્ષ બિલ્વપુજાની સંકલ્પ કરવવામાં આવશે.**ટ્રસ્ટની વેબસાઇટ *www.somnath.org* પરથી પૂજાવિધિ-ડોનેશન-ગેસ્ટહાઉસ બુકિંગ સાથે લાઇવ દર્શન પણ થઇ શકશે, શોશ્યલમીડીયા માધ્યમ વોટ્સએપ મો.૯૭૨૬૦૦૧૦૦૮, ટ્વીટર *@Shrisomnath,* ફેસબુક *@Shrisomnathtemple* સાથે જોડાઇ ઘરબેઠા દેશ-વિદેશના ભક્તજનો સોમનાથ મહાદેવના વિવિધ પ્રહરના દર્શન અને આરતી કરી શકશે છે. અમદાવાદની શાહિબાગ ઓફિસ ફોન નં.૦૭૯-૨૨૬૮૬૪૪૨ તથા સદ્‌ઃવિચાર કાર્યાલય ફોન નં.૦૭૯-૨૬૮૬૦૬૬૦ પરથી અતિથિગૃહ રૂમનું એડવાન્સ બુકીંગ-પૂજાવિધીકરાવી શકાશે. વૃધ્ધો અશક્ત યાત્રીકો માટે હેલ્પડેસ્કની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેમજ ગોલ્ફકાર્ટ, વ્હીલચેર, વ્હીલચેર આસીસ્ટન્ટ પણ રાખવામાં આવેલ છે. શ્રાવણ દરમ્યાન (ગૌરીકુંડ ચેકપોસ્ટ)પાર્કિંગ થી સોમનાથ મંદિર સુધી આવવા માટે ઓટો રીક્ષા રાખી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. શ્રાવણ માસના ઘસારાને ધ્યાને રાખી વિશેષ પૂજાવિધિ, પ્રસાદ કાઉન્ટર, ક્લોકરૂમ,જુતાઘર ની વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર શ્રાવણમાસ દરમ્યાન સ્વાગત કક્ષ શરૂ કરવામાં આવશે.

શ્રાવણમાં દુર દુરથી આવતા ભક્તજનો શાંતિપુર્ણ આરામ તેમજ થાક હળવો કરી શકે, તેવા શુભઆશયથી પથીકાશ્રમ ખાતે એક વિશાળ ડોમ તૈયાર કરવામાં આવશે. જેમાં યાત્રીકોને નિઃશુલ્ક ચા,પાણી વિતરણ કરવામાં આવશે.

શ્રાવણમાસમાં દેશવિદેશથી આવતા યાત્રીઓ શાંતિપુર્ણ દર્શન કરી શકે તેમજ કોઇ અગવડ ન પડે તેને ધ્યાને લઇ **સોમનાથ મંદિરના સમયમાં શ્રાવણમાસ માં ફેરફાર કરાયો છે, રવિવાર-સોમવાર-શ્રાવણી તહેવારો દરમ્યાન મંદિર સવારે ૪-૦૦ વાગ્યે ખુલી જશે જે રાત્રીના ૧૦:૦૦ સુધી ખુલ્લુ રહેશે..**તેમજ શ્રાવણના આ સિવાયના દિવસોમાં મંદિર **સવારે ૫:૩૦ થી સાંજે ૧૦:૦૦ સુધી ખુલ્લુ રહેશે.**

**શ્રાવણમાસ દરમ્યાન સોમનાથ ખાતે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાનાર છે,જેમા સુપ્રસિદ્ધ કલાકારો ભગવાન નટરાજ સમક્ષ પોતાની સુરઆરાધના પ્રસ્તુત કરશે.** ગુજરાત રાજ્ય આરોગ્ય વિભાગ તેમજ વિવિધ મંડળો દ્વારા આવનાર યાત્રીકો માટે આરોગ્યને લગતી સેવા તેમજ આરોગ્ય અંગે જાગૃતતા તથા માર્ગદર્શન નિઃશુલ્ક આપવામાં આવશે. શ્રાવણમાં આવતા સંઘો તરફથી યાત્રીકોને પ્રસાદ તેમજ ફરાળની નિઃશુલ્ક વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

શ્રાવણમાં નિત્ય આવતા પગપાળા સંઘો તેમજ પદયાત્રી દૂર દૂર થી સોમનાથ દાદા ના દર્શને વહેલી સવારે પહોચતા હોય છે, મંદિરના દ્વારો ખુલતાની સાથે જ ભક્તો દાદાના દર્શનથી યાત્રીકો ધન્યતાની અનુભૂતી કરે છે.

**ગીતામંદિર,શ્રી ગોલોકધામ તીર્થ ખાતે શ્રાવણ સુદ-બિજ થી શ્રાવણ વદ-અમાસ સુધી વિશિષ્ટ હિંડોળા દર્શનનું તેમજ શ્રીકૃષ્ણ ચરણપાદુકા પુજનનું વિશેષ ધાર્મિક આયોજન કરવામાં આવેલ છે .**આ હિંડોળા દર્શન માટે ભક્તજનો નિયત કરેલ ન્યોછાવર આપી યજમાન બનવાનો લાભ લઇ શકશે.

**શ્રાવણમાસ દરમ્યાન દરરોજ ભગવાન સોમનાથ મહાદેવને અલગ અલગ વિશિષ્ટ શ્રૃંગારોથી ૩૦ જેટલા અલગ-અલગ શણગાર કરવામાં આવશે..** આ શ્રૃંગારના નિયત કરેલ ન્યોછાવર આપી ભક્તજન યજમાન બનવાનો લાભ લઇ શકશે.

શ્રાવણમાસ દરમ્યાન વિવિધ **ધાર્મિક આયોજન જેવા કે, શિવપાર્થેશ્વર પુજન, મહામૃત્યુંજયયજ્ઞ,** નો દર્શનાર્થીઓ નિયત ન્યોછાવર આપી લાભ લઇ શકશે.

શ્રાવણમાસ દરમ્યાન **શ્રી સોમનાથ મંદિર ખાતે દરરોજ સાંજના ૫-૦૦ થી ૬-૦૦ વાગ્યા સુધી શિવકથાનું આયોજન કરવામાં આવેલ છે,** તથા ભાલકા મંદિર **ખાતે તા.૨૨.૦૮.૨૦૧૬ થી તા.૨૯.૦૮.૨૦૧૬ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે.**

ઉપરોક્ત આદ્યાત્મિક આયોજનોમાં ઉત્સાહભેર ભાગ લેવા શ્રી સોમનાથ ટ્રસ્ટનું હાર્દિક નિમંત્રણ છે.

સમગ્ર વ્યવસ્થા તેમજ આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન ટ્રસ્ટના માન. અધ્યક્ષ શ્રી કેશુભાઈ પટેલ તથા માન. ટ્રસ્ટી-સેક્રેટરી શ્રી પી.કે.લહેરી સાહેબના માર્ગદર્શન નીચે ઇન્ચાર્જ જનરલ મેનેજરશ્રી અને સમગ્ર ટ્રસ્ટ પરિવાર દ્વારા કરવામાં આવેલ છે. શ્રાવણ માસ દરમ્યાન પોલીસ તથા એસ.આર.પી.ના જવાનો તેમજ અધિકારીઓ દ્વારા સુરક્ષા વ્યવસ્થા સારી રીતે આયોજનબદ્ધ ગોઠવેલ છે. શ્રાવણમાસ દરમ્યાન સ્વચ્છતા, યાત્રીસુવિધા, ટ્રાફિક નિયમન વિગેરે જળવાય તેમજ દેશ પરદેશથી આવતા યાત્રીકોને શાંતિપુર્ણ રીતે દર્શન થાય તેવિ વ્યવસ્થા સ્થાનીક જીલ્લા વહીવટી તંત્ર, જીલ્લા પોલિસ તંત્ર, નગરસેવા સદનના સહયોગથી ગોઠવવામાં આવેલ છે.

શ્રી સોમનાથ ટ્રસ્ટ વતી,<br>
ઇન્ચાર્જ જનરલ મેનેજર

## તા.૦૩.૦૮.૨૦૧૬ શ્રાવણ સુદ એકમ બુધવાર થી તા.૦૧.૦૯.૨૦૧૬ શ્રાવણ વદ અમાસ ગુરૂવાર સુધી શ્રી સોમનાથ મહાદેવ મંદિરમાં કરવામાં આવનાર શૃંગારની યાદી..

| ક્રમ | તારીખ-વાર | તિથી | શૃંગાર |
|---|---|---|---|
| ૦૧ | ૦૩.૦૮.૨૦૧૬, બુધવાર | શ્રાવણસુદ એકમ | પુષ્પ શૃંગાર |
| ૦૨ | ૦૪.૦૮.૨૦૧૬, ગુરૂવાર | શ્રાવણસુદ બીજ | પીળાવસ્ત્ર શૃંગાર |
| ૦૩ | ૦૫.૦૮.૨૦૧૬, શુક્રવાર | શ્રાવણસુદ ત્રિજ | વિવિધફુલ શૃંગાર |
| ૦૪ | ૦૬.૦૮.૨૦૧૬, શનીવાર | શ્રાવણસુદ ચતુર્થી | બિલ્વ શૃંગાર |
| ૦૫ | ૦૭.૦૮.૨૦૧૬, રવિવાર | શ્રાવણસુદ પંચમી | નાગદર્શન શૃંગાર |
| ૦૬ | ૦૮.૦૮.૨૦૧૬, સોમવાર | શ્રાવણસુદ છઠ્ઠ | સફેદપુષ્પ શૃંગાર |
| ૦૭ | ૦૯.૦૮.૨૦૧૬, મંગળવાર | શ્રાવણસુદ છઠ્ઠ | ભસ્મ શૃંગાર |
| ૦૮ | ૧૦.૦૮.૨૦૧૬, બુધવાર | શ્રાવણસુદ સાતમ | પુષ્પ શૃંગાર |
| ૦૯ | ૧૧.૦૮.૨૦૧૬, ગુરૂવાર | શ્રાવણસુદ આઠમ | ચંદન શૃંગાર |
| ૧૦ | ૧૨.૦૮.૨૦૧૬, શુક્રવાર | શ્રાવણસુદ નોમ | બોરસલી શૃંગાર |
| ૧૧ | ૧૩.૦૮.૨૦૧૬, શનીવાર | શ્રાવણસુદ દશમ | મોતી શૃંગાર |
| ૧૨ | ૧૪.૦૮.૨૦૧૬, રવીવાર | શ્રાવણસુદ અગીયારસ | વૈષ્ણવ દર્શન |
| ૧૩ | ૧૫.૦૮.૨૦૧૬, સોમવાર | શ્રાવણસુદ બારશ | ત્રિરંગાપુષ્પ શૃંગાર |
| ૧૪ | ૧૬.૦૮.૨૦૧૬, મંગળવાર | શ્રાવણસુદ તેરશ | લાલપુષ્પ શૃંગાર |
| ૧૫ | ૧૭.૦૮.૨૦૧૬, બુધવાર | શ્રાવણસુદ ચૌદશ | કમળ પુષ્પ શૃંગાર |
| ૧૬ | ૧૮.૦૮.૨૦૧૬, ગુરૂવાર | શ્રાવણસુદ પુનમ | અમરનાથ દર્શન |
| ૧૭ | ૧૯.૦૮.૨૦૧૬, શુક્રવાર | શ્રાવણવદ એકમ | મહાકાલ દર્શન |
| ૧૮ | ૨૦.૦૮.૨૦૧૬, શનીવાર | શ્રાવણવદ બિજ | વસ્ત્ર શૃંગાર |
| ૧૯ | ૨૧.૦૮.૨૦૧૬, રવીવાર | શ્રાવણવદ તૃતીયા/ચતુર્થી | ભસ્મ શૃંગાર |
| ૨૦ | ૨૨.૦૮.૨૦૧૬, સોમવાર | શ્રાવણ વદ પાચમ | રૂદ્રાક્ષ શૃંગાર |
| ૨૧ | ૨૩.૦૮.૨૦૧૬, મંગળવાર | શ્રાવણ વદ છઠ્ઠ | શાકભાજી શૃંગાર |
| ૨૨ | ૨૪.૦૮.૨૦૧૬, બુધવાર | શ્રાવણ વદ સાતમ | અર્કપુષ્પ શૃંગાર |
| ૨૩ | ૨૫.૦૮.૨૦૧૬, ગુરૂવાર | શ્રાવણ વદ આઠમ | શ્રીનાથજી દર્શન |
| ૨૪ | ૨૬.૦૮.૨૦૧૬, શુક્રવાર | શ્રાવણ વદ નોમ | કેસરી પુષ્પ શૃંગાર |
| ૨૫ | ૨૭.૦૮.૨૦૧૬, શનીવાર | શ્રાવણ વદ દશમ | ગંગાઅવતરણ દર્શન |
| ૨૬ | ૨૮.૦૮.૨૦૧૬, રવીવાર | શ્રાવણ વદ અગીયારસ | તલ શૃંગાર |
| ૨૭ | ૨૯.૦૮.૨૦૧૬, સોમવાર | શ્રાવણ વદ બારશ | સુકામેવા શૃંગાર |
| ૨૮ | ૩૦.૦૮.૨૦૧૬, મંગળવાર | શ્રાવણ વદ તેરશ | પુષ્પ શૃંગાર |
| ૨૯ | ૩૧.૦૮.૨૦૧૬, બુધવાર | શ્રાવણ વદ ચતુર્દશી | ફળ શૃંગાર |
| ૩૦ | ૦૧.૦૯.૨૦૧૬, ગુરૂવાર | શ્રાવણ વદ અમાસ | કૈલાશ દર્શન |

શ્રાવણમાસ દરમ્યાન ભાવિકોના ધસારાને ધ્યાનમાં રાખીને દેશ-વિદેશથી દર્શનાર્થે પધારતા ભક્તો શાંતીપુર્ણ અને સુંદરરીતે દર્શન કરી શકે તેમજ સુરક્ષાવ્યવસ્થા સુદ્રઢ રીતે જળવાઇ રહે તેવા શુભહેતુથી શ્રી સોમનાથ મંદિર તેમજ અહલ્યાબાઇ મંદિર ગતવર્ષની જેમ આ વર્ષે નિચે પ્રમાણેના દિવસોએ સવારના ૪-૦૦ વાગ્યે ખોલવામાં આવે તેમજ આ સીવાયના દિવસોએ ૫-૩૦ વાગ્યે ખોલવામાં આવે તેવી વિનંતી.

| તારીખ | તીથી | દિવસ |
|---|---|---|
| ૦૭.૦૮.૨૦૧૬ | શ્રાવણ સુદ પંચમી | રવિવાર |
| ૦૮.૦૮.૨૦૧૬ | શ્રાવણ સુદ છઠ્ઠ | સોમવાર |
| ૧૪.૦૮.૨૦૧૬ | શ્રાવણ સુદ અગીયારસ | રવિવાર |
| ૧૫.૦૮.૨૦૧૬ | શ્રાવણ સુદ બારશ | સોમવાર |
| ૧૮.૦૮.૨૦૧૬ | શ્રાવણ સુદ પુનમ | ગુરૂવાર |
| ૨૧.૦૮.૨૦૧૬ | શ્રાવણ વદ તૃતીયા / ચતુર્થી | રવિવાર |
| ૨૨.૦૮.૨૦૧૬ | શ્રાવણ વદ પાચમ | સોમવાર |
| ૨૫.૦૮.૨૦૧૬ | શ્રાવણ વદ આઠમ | ગુરૂવાર |
| ૨૮.૦૮.૨૦૧૬ | શ્રાવણ વદ અગીયારસ | રવિવાર |
| ૨૯.૦૮.૨૦૧૬ | શ્રાવણ વદ બારશ | સોમવાર |
| ૦૧.૦૯.૨૦૧૬ | શ્રાવણ વદ અમાસ | ગુરૂવાર |